# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. એન્જીઓપ્લાસ્ટિના સ્ટેન્ટના ભાવ માટેનો વહીવટી સમિતિનો નિર્ણય મોકૂફ રખાયો
2. બનાસકાંઠાના ડીસા ગોડાઉન દુર્ઘટનાના આરોપીઓને અદાલતમાં રજૂ કરાયા-SITએ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી
3. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં રાજભવનમાં મર્ચન્ટ નેવી સપ્તાહની ઉજવણી કરાઇ
4. આગામી બે દિવસ બાદ રાજ્યના તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી
5. તલવારબાજીની ભારતીય ટીમમાં મહેસાણા જિલ્લાના સતલાસણાની રીતુ પ્રજાપતિની પસંદગી

-----------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RUSHIKESH PMJAY

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, એન્જીઓપ્લાસ્ટિમાં ઉપયોગમાં લેવાતાં સ્ટેન્ટના ભાવ માટેનો એક્ઝિક્યુટિવ કમિટીનો નિર્ણય મોકૂફ રખાયો છે. ગાંધીનગરમાં PMJAY-મા યોજનાની ગવર્નિંગ બોડીની બેઠક બાદ શ્રી પટેલે જણાવ્યું વિગતવાર ચર્ચા-વિચારણા કર્યા બાદ નવો નિર્ણય જાહેર કરાશે.

(બાઇટ: ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

. . . . . . . . . . . . . .

# BANASKANTHA SIT

બનાસકાંઠાના ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં સર્જાયેલી દુર્ઘટના મામલે રચાયેલી વિશેષ તપાસ દળ-SITની ટીમે આજે ઘટનાસ્થળની મુલાકાત લીધી.

SITના અધ્યક્ષ અને IAS ભાવિન પંડ્યા, અન્ય સભ્યો નાયબ પોલીસ મહાનિરીક્ષક વિશાલ વાઘેલા, ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળાના નિયામક એચ.પી.સંઘવી અને માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઇજનેર જે.એ.ગાંધીએ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. આ સાથે સાથે ટેક્નિકલ અને ફોરેન્સિક નિષ્ણાંતની ટીમ પણ હાજર રહી હતી.

SITના અધ્યક્ષ ભાવિન પંડ્યાએ જણાવ્યું કે, આ ટીમ ગોડાઉનમાં ચાલતી કામગીરી, વિસ્ફોટના કારણો સહિતના મુદ્દા અંગે તપાસ કરશે.

(બાઈટ: ભાવિન પંડ્યા- SITના અધ્યક્ષ)

દરમિયાન આજે દુર્ઘટનાના આરોપી અને કંપનીના માલિક પિતા-પુત્રને ડીસાની કોર્ટમાં રજૂ કરાયા હતા.

. . . . . . . . . . . . .

## DISA GIDC – GNR COLLECTOR

ડીસામાં ફટાકડા ગોડાઉનમાં થયેલી દુર્ઘટનાના પગલે તકેદારીના ભાગરૂપે ગાંધીનગર જીલ્લામાં ફટાકડાના લાયસન્સ વિનાના ૧૯ જેટલા સ્થળો હાલ બંધ કરાવવામાં આવ્યા છે. ગાંધીનગર કલેકટેર મેહુલ દવેએ જીલ્લામાં દહેગામ, કલોલ તથા માણસા વિસ્તારમાં આવેલ ફટાકડાની દુકાનો તથા ફેક્ટરીઓમાં આકસ્મિક તપાસ હાથ ધરી આ કાર્યવાહી કરી હતી.

. . . . . . . . . . . . .

## GOVERNOR NAVY

મર્ચન્ટ નેવી સપ્તાહ નિમિત્તે આજે ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને પ્રથમ મીનીએચર મર્ચન્ટ નેવી ધ્વજ પિન કરવામાં આવ્યો હતો. શ્રી દેવવ્રતજીએ રાજ્યમાં શિપિંગ અને બંદર ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહિત કરવા બદલ મેરીટાઇમ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે 5 એપ્રિલે નેશનલ મેરીટાઇમ ડે ઉજવવામાં આવે છે. નેશનલ મેરિટાઈમ ડેની ઉજવણી અન્વયે 30 માર્ચ થી 5 એપ્રિલ દરમિયાન મર્ચન્ટ નેવી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

## Khas Sanksipta Sudharana Karyakrama

કડી અને વિસાવદર વિધાનસભા મતવિસ્તાર માટે મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે. રાજ્યની બે વિધાનસભા બેઠકોની આગામી સમયમાં યોજાનાર પેટાચૂંટણીને અનુલક્ષીને પહેલી એપ્રિલ, 2025 ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો મતદાર યાદીમાં સમાવેશ કરવા આ ખાસ ઝુંબેશ ચલાવવામાં આવશે, જેમાં મતદારયાદીમાં નામ ઉમેરવા, કમી કરવા કે સુધારો કરવા માટે અરજી ફોર્મ રજૂ કરી શકાશે.

સત્તાવાર યાદી મુજબ, 8 એપ્રિલથી 24 એપ્રિલ સુધી મતદાર યાદીમાં નોંધાયેલા નામ કે નવા નોંધાનાર નામની અરજી અંગે હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકાશે. પાંચમી મે ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# DILIP SANGHANI FERTILIZER

ખાતર ક્ષેત્રની સહકારી સંસ્થા ઇફ્કોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું છે, રાસાયણિક પદ્ધતિથી ખેતી બિનઉપજાઉ થતી હોવાથી પ્રાકૃતિક ખેતી આજની જરૂરિયાત બની ગઈ છે.

ગાંધીનગરમાં ગુજકોમાસોલ અને એક ખાનગી કંપનીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં શ્રી સંઘાણીએ જણાવ્યું કે સહકાર ક્ષેત્રમાં ઇફ્કો આજે વિશ્વમાં અગ્રેસર બન્યું છે.

(બાઇટ: દિલીપ સંઘાણી)

આ પરિસંવાદમાં મોટી સંખ્યામાં કૃષિ તજજ્ઞ અને કૃષિ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# MORBI MACHCHU DAM

મોરબીના મચ્છુ-2 ડેમના બે દરવાજા સમારકામને લઈને બે ફૂટ ખોલાયા છે. ડેમમાંથી એક હજાર 300 કયુસેક પાણી છોડાયું છે. ડેમના નાયબ કાર્યપાલક ઇજનેર પ્રતિક પટેલે જણાવ્યું કે, તબક્કાવાર વધારીને ત્રણ હજાર 500 કયુસેક સુધી પાણી છોડવામાં આવશે જેથી 29 ગામોને એલર્ટ કરાયા છે.

(બાઈટ : પ્રતિક પટેલ, ડેમ ઓફીસર)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં હિટવેવની આગાહી કરી છે. હવામાન વિભાગના નિયામક એ કે દાસે જણાવ્યું છે કે, આગામી બે દિવસ બાદ રાજ્યમાં તાપમાનમા 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. ઉપરાંત દરિયાઈ જિલ્લાઓમાં 8 એપ્રિલ સુધી ગરમ અને ભેજવાળી પરિસ્થિતિ રહેશે.

આગામી 6 થી 8 એપ્રિલ સુધી ઉત્તર ગુજરાતનાં બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, પાટણમાં અને સૌરાષ્ટ્રના જૂનાગઢ અને મોરબીમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં આજે સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગર ખાતે 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

(બાઇટ: એ કે દાસ - નિયામક)

. . . . . . . . . . . . .

# MEHSANA FENCING

તલવારબાજીની ભારતીય ટીમમાં મહેસાણા જિલ્લાના સતલાસણાની યુવતી રીતુ પ્રજાપતિની  પસંદગી થઈ છે. મહેસાણાના અમારા પ્રતિનધિ જયંતિ ચૌધરી જણાવે છે કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી રીતુ પ્રજાપતિ  ચીનમાં યોજાનારી જુનિયર વર્લ્ડ ફેન્સીંગ ચેમ્પિયનશીપમાં ભારત તરફથી રમશે. તાજેતરમાં છત્તીસગઢના રાયપુરમાં યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં તેણે રજત ચંદ્રક મેળવ્યો હતો.

. . . . . . . . . . . . .

# AMC - TAX AAVAK

અમદાવાદ મહાનગરપાલિકાને કરવેરા આવક ઉપરાંત વિવિધ ફી તેમજ વસૂલવામાં આવતા ચાર્જ પેટે 2 હજાર 765 કરોડ રૂપિયાની આવક  થઈ છે.

ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન પ્રિતિશ મહેતાએ જણાવ્યું કે મહાનગરપાલિકાની વિવિધ મિલકતોના ભાડા, જાહેરાતની પરમીટ ફી, પ્રિમીયમ પ્લોટના વેચાણ સહિતની વિવિધ કામગીરી પેટે છેલ્લા બે વર્ષ કરતાં ચાલુ વર્ષે 750 કરોડ વધારે આવક નોંધાઇ છે, જે ટેક્સની આવક કરતા પણ વધુ છે.

. . . . . . . . . . . . .

# B.RAJPUR-LOKARPAN

ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે વડોદરામાં સાડા ચાર કરોડના ખર્ચે તૈયાર થનાર નંદેસરી પ્રાથમિક શાળાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કર્યું. 'વિદ્યાદાન મહાદાન' એમ કહીને ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, ગુજરાત આજે શિક્ષણ, ઉદ્યોગ સહિતના દરેક ક્ષેત્રે દેશમાં વિકાસનું રોલ મોડેલ બન્યું છે.

અત્યાધુનિક ગુણવત્તાસભર શિક્ષણના પાયા પર વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું લક્ષ્ય સિદ્ધ કરવાની નેમ પણ તેમણે વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . .

# TRAIN RADD

ગાંધીધામ પાલનપૂર એક્સપ્રેસ ટ્રેન આવતીકાલથી આંશિક રીતે રદ રહશે. પ્રાપ્ત માહિતી અનુસાર પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના પાલનપૂર સ્ટેશન પર હાલના જૂન ફૂટ ઓવર બ્રિજને  તોડવાની કામગીરી થવાના કારણે ગાંધીધામ પાલનપૂર તથા ભીલડી અને પાલનપૂર વચ્ચેની ટ્રેન આંશિક રદ રહશે. વધુ માહિતી ઇન્ક્વાયરી ઇંડિયન રેલ વેબસાઇટ પરથી મેળવી શકાશે.

. . . . . . . . . . . . .

# DAMAN- NITI AAYOG

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં વિદ્યુત ભવન ખાતે ઔદ્યોગિક વિકાસ અને ઉદ્યોગો માટે સરળતા લાવવા નીતિ આયોગની બેઠક યોજાઇ ગઈ. આ બેઠકમાં નીતિ આયોગ કેબિનેટ સેક્રેટરી વિજય કુમાર સહિત અન્ય સભ્યો તેમજ દમણ અને દાદરા નગર હવેલીના વેપારી મહામંડળોના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

બેઠક અંગે દાદરા નગર હવેલીના ઉદ્યોગ મહામંડળના પ્રમુખ  અજીત યાદવે વધુ માહિતી આપી.

. . . . . . . . . . . . .